એકમ 13

# આંતરરાષ્ટ્રીય વિનિમય દરના સિદ્ધાંત

-: રૂપરેખા :-

13.0 ઉદ્દેશો

13.1 પ્રસ્તાવના

13.2 હેક્સર-ઓહલીનનો સિદ્ધાંત

❖ હેક્સર-ઓહલીનના સિદ્ધાંતની સમજૂતી

13.3 હેક્સર-ઓહલીન સિદ્ધાંતની આલોચના

13.4 મિલનો પારસ્પરિક માંગનો સિદ્ધાંત

13.5 સારાંશ

13.6 ચાવીરૂપ શબ્દો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 13.0 ઉદ્દેશો :

1. આંતરરાષ્ટ્રીય વેપારથી પ્રાપ્ત થતા લાભો વિશે જાણી શકશો
2. દરખાસ્ત રેખા વિશે જાણી શકશો
3. આંતરરાષ્ટ્રીય વેપારના ઉદ્ભવ વિશે જાણી શકશો
4. બે દેશો વચ્ચેની પારસ્પરિક માંગ સમજી શકશો
5. કોઇ પણ દેશ આંતરરાષ્ટ્રીય વેપાર શા માટે કરે છે અને કઇ રીતે લાભ મેળવી શકે છે, તે સમજી શકશો.

## 13.1 પ્રસ્તાવના :

બર્ટિલ ઓહલીન પોતાના પ્રસિદ્ધ પુસ્તક Inter-regional and International Trade ( 1933) માં આંતરરાષ્ટ્રીય વ્યાપારના ક્લાસિક સિદ્ધાંતની આલોચના કરી છે. અને આંતરરાષ્ટ્રીય વ્યાપારના સામાન્ય સંતુલન સિદ્ધાંત અથવા સાધન સમ્પન્નતા અથવા સાધન ગુણોત્તરનો સિદ્ધાંત બનાવ્યો કે તેને આંતરરાષ્ટ્રીય વેપારનો આધુનિક સિદ્ધાંત અથવા હેક્સર-ઓહલીન સિદ્ધાંત પણ કહે છે. વાસ્તવમાં ઓહલીનના અધ્યાપક ઈલી હેક્સરે પહેલો ૧૯૧૯માં આ વિચાર પ્રસ્તુત કર્યો હતો કે આંતરરાષ્ટ્રીય વ્યાપાર બે દેશોમાં સાધન સમ્પન્નતામાં ભિન્ન કારણોસર થાય છે. ઓહલીને આ વિચારને આગળ વધાર્યો અને તેનાથી આંતરરાષ્ટ્રીય વ્યાપારના આધુનિક સિદ્ધાંતનું નિર્માણ કર્યું.

હેક્સર-ઓહલીન સિદ્ધાંત બતાવે છે કે ઉત્પાદન વિશિષ્ટીકરણ તથા પ્રદેશોમાં વ્યાપારના માળખાનું પ્રમુખ નિર્ધારણ તત્ત્વ સાધન પુરવઠાની સાપેક્ષ પ્રાપ્યતા છે. પ્રદેશ અથવા દેશોમાં સાધન સમ્પન્નતા તેમજ સાધન પુરવઠા અલગ-અલગ હોય છે. "કોઈ દેશમાં મૂડી વધારે હોય છે તો કોઈ દેશમાં શ્રમ વધારે હોય છે. આ સિદ્ધાંત એમ કહે છે કે જે દેશમાં મૂડી વધારે હશે તે

મૂડીપ્રધાન વસ્તુઓની નિકાસ કરશે અને જે દેશમાં શ્રમ વધારે હશે તે શ્રમપ્રધાન વસ્તુઓની નિકાસ કરશે.'' ઓહલીનની દૃષ્ટીએ આંતરરાષ્ટ્રીય વેપાર થવાનું મુખ્ય કારણ હોય છે કે કેટલીક વસ્તુ અન્ય દેશો કરતાં સસ્તા ભાવે ખરીદી શકાય છે. જ્યારે તે જ વસ્તુઓ તે જ દેશમાં મોંઘા ભાવે પ્રાપ્ત થતી હોય છે. આ પ્રમાણે બે દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય વ્યાપાર થવાનું મુખ્ય કારણ વસ્તુઓની કિંમત વચ્ચેનો તફાવત છે.

આ સિદ્ધાંતના વિશ્લેષણ માટે સૌ પ્રથમ આપણે તેની ધારણાઓ વિશે જાણીશું.

## 13.2 હેકસર-ઓહલીનનો સિદ્ધાંત :

❖ સિદ્ધાંતની ધારણાઓ :-


1. આ સિદ્ધાંત ૨-૨-૨ ની ધારણા આધારિત છે. એટલે કે બે દેશ છે, બે વસ્તુ અને બે ઉત્પાદન સાધન છે. (શ્રમ અને મૂડી)
2. વિભિન્ન દેશોની સાધન સમ્પન્નતામાં તફાવત છે, પરંતુ ગુણાત્મક રીતે એક સમાન છે.
3. અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ પ્રવર્તે છે.
4. બંને દેશોમાં વેપાર મુક્ત અને નિરંકુશ છે.
5. વસ્તુઓની હેરફેરનો ખર્ચ શૂન્ય છે.
6. જુદી-જુદી વસ્તુઓ માટે ઉત્પાદન વિધેય જુદા-જુદા છે. પરંતુ કોઈ એક જ વસ્તુ માટે જુદા-જુદા દેશોમાં ઉત્પાદન વિધેય સમાન છે.
7. ઉત્પાદન વિધેય એ પ્રકારના છે કે જેથી સાધનપ્રચૂરની દૃષ્ટીએ વસ્તુઓનું સ્પષ્ટ વર્ગીકરણ કરી શકાય છે. દા.ત. જો આપણે શ્રમ અને મૂડી એવાં બે સાધનો લઈએ તો કોઈ પણ વસ્તુ કા તો શ્રમપ્રચૂર હશે કાં તો મૂડી પ્રચૂર હશે.
8. પ્રત્યેક દેશમાં આંતરિક રીતે સાધનો પૂર્ણ રીતે ગતિશીલ છે. પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે સાધનો અગતિશીલ છે.
9. પ્રત્યેક દેશમાં પ્રત્યેક વસ્તુના ઉત્પાદન પ્રમાણ એકમ બરાબર છે.
10. ટેકનિકલ જ્ઞાનમાં કોઈ પરિવર્તન નથી.
11. બંને દેશોમાંથી કોઈ પણ ઉત્પાદનમાં વિશેષીકરણ કરતું નથી.
12. બંને દેશોમાં વપરાશ કરનારના અધિમાન તથા માંગનું માળખું સમરૂપ છે.

❖ સિદ્ધાંતની સમજૂતી :

આ ધારણાઓના આધારે હેક્સર-ઓહલીન સિદ્ધાંત બે દેશો વચ્ચે સાધન વિપુલતાના અંતરને કારણે જ આંતરરાષ્ટ્રીય વેપાર થાય છે. આ સાધન વિપુલતા કિંમતની દૃષ્ટિએ અથવા ભૌતિક દૃષ્ટિએ સાધન વિપુલતા હોય શકે છે. તેઓનું માનવું છે કે જે દેશમાં જે સાધન વધારે પ્રમાણમાં ઉપલબ્ધ હોય તો આ સાધન સસ્તું હોય છે. અને આ કારણે ઉત્પાદન ખર્ચમાં પણ ઘટાડો થાય છે. જેથી નિકાસમાં વધારો થઈ શકે છે. અને જે વસ્તુના ઉત્પાદન દુર્લભ સાધનોનો ઉપયોગ વધુ થતો હોય તેવી વસ્તુઓની આયાત કરવી જોઈએ. હેક્સર-ઓહલીન પ્રમયને બે રીતે પારિભાષિત કરી શકાય છે:

1. સાધનવિપુલતા કિંમતની રીતે
2. સાધન વિપુલતા જથ્થાની રીતે.

હેક્સર-ઓહલીનની પરિભાષા પ્રમાણે દેશમાં મૂડીની પ્રચૂરતા હોય પરંતુ શરત છે. PC A<PC B જયા PC અને PL ક્રમશ : મૂડી અને શ્રમની કિંમતો PL દર્શાવે છે. A અને B બંને દેશો છે. બીજા શબ્દોમાં જો દેશમાં મૂડી સસ્તી હોય, તો ત્યાં મૂડીની વિપુલતા છે. અને B દેશમાં શ્રમ સસ્તો હોય તો ત્યાં શ્રમની વિપુલતા છે. આ પ્રકારે A દેશ મૂડીપ્રધાન વસ્તુઓની નિકાસ કરશે અને B દેશ શ્રમપ્રધાન વસ્તુઓની નિકાસ કરશે. જેને આકૃતિ દ્વારા દર્શાવવામાં આવ્યું છે.




આકૃતિની સમજૂતી : ઉપરની આકૃતિમાં X શ્રમપ્રધાન વસ્તુ છે. જેને OX આડી ધરી પર દર્શાવવામાં આવી છે. અને Y મૂડીપ્રધાન વસ્તુ છે. જેને OY ઊભી ધરી પર દર્શાવવામાં આવી છે.

A દેશના સંદર્ભમાં : વસ્તુ Xનું સમાનતા વક્ર XX છે. (Isoquant) અને વસ્તુ Y માટેનું સમાનતા વક્ર YY છે. આ બંને A અને B દેશ માટે એકસમાન છે. દેશ Aમાં બંને વસ્તુઓ માટે સાપેક્ષ સાધન કિંમત રેખા $AA_1$ દર્શાવવામાં આવી છે. એવું માની લેવામાં આવ્યું છે કે પ્રત્યેક સમાનતા તેનાથી સંબંધિત વસ્તુની એક એકમ બતાવી છે. ત્યારે Y વસ્તુની એક એકમ બનાવવા માટે મૂડીથી OC માત્રા અને શ્રમની OP માત્રા દ્વારા ઉત્પાદિત થાય છે. તે બિંદુ E દ્વારા નિર્ધારિત થાય છે. જ્યાં સમખર્ચ (Is cost) રેખા AA સમાનતા વક્ર YYને સ્પર્શ કરે છે. આ તર્ક પરથી જાણી શકાય છે કે દેશ A માં X વસ્તુના એક એકમ ઉત્પાદિત કરવા માટે મૂડીખર્ચ OM માત્રા તથા શ્રમની ON માત્રા છે. જે L બિંદુ પર નિર્ધારિત થાય છે. કેમકે, આ બિંદુ પર રેખા AA તથા વક્ર XX સ્પર્શ કરે છે. કારણ કે દેશ Aમાં મૂડી વિપુલ પ્રમાણમાં અને સસ્તી છે. માટે A દેશ મૂડીપ્રધાન વસ્તુના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરશે. આકૃતિમાં એ સ્પષ્ટ છે કે જ્યાં વસ્તુ Yના એક એકમનું ઉત્પાદન કરવા માટે તે દેશે સમાનતા વક્ર YYના બિંદુ E પર વધારે મૂડીનું પ્રમાણ OC શ્રમની સાપેક્ષ રીતે OD મેમની ઓછી માત્રનો ઉપયોગ થાય છે. બીજી બાજુ વસ્તુ Xના એક એકમના ઉત્પાદન કરવા માટે તે દેશ સમાનતા વક્ર XXના બિંદુ L પર ઓછા મૂડીનું પ્રમાણ OM તથા શ્રમનું વધારે પ્રમાણ ONનો પ્રયોગ કરે છે. આથી દેશ Aમાં સાપેક્ષ રીતે મૂડી પ્રચૂર પ્રમાણમાં પ્રાપ્ત હોવાને કારણે મૂડી સસ્તી હશે. જે A દેશ Y વસ્તુનું કે જે મૂડીપ્રધાન વસ્તુ છે, તેનું ઉત્પાદન કરશે અને B દેશમાં નિકાસ કરશે.

B દેશના સંદર્ભમાંદેશ B જયાં શ્રમ વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત છે, અને તેથી તે સસ્તો છે. પ્રત્યેક એકમનો ઉત્પાદન ખર્ચ જાણવા માટે સમાનતા વક્ર YYને બિંદુ G પર એક ચપટી સાધન કિંમત રેખા $BB_3$ નું દોરવામાં આવી છે. એક એવી જ સાધન કિંમત રેખા $B_1$ $B_2$ ને $BB_3$ ના સમાન્તર દોરવામાં આવી છે. જે બિંદુ S પર સમાનતા વક્ર XX ને સ્પર્શ કરે છે. હવે દેશ Bમાં

વસ્તુ Yની એક એકમ ઉત્પાદિત કરવા માટે મૂડીનું Ok પ્રમાણ તથા શ્રમનું OH પ્રમાણ જોઈએ. બીજી બાજુ B દેશમાં વસ્તુ Xની એક એકમ ઉત્પાદિત કરવા માટે મૂડીની OT માત્રા અને શ્રમની OR માત્રા જોઈએ. કારણ કે B દેશમાં શ્રમનું પ્રમાણ વધારે હોવાથી શ્રમ સસ્તો છે. આથી દેશ B શ્રમપ્રધાન વસ્તુ Xના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરશે. આથી B દેશ સમાનતા વક્ર XXને બિંદુ S પર વસ્તુ Xનું ઉત્પાદન કરશે. જેના માટે અધિકશ્રમ OR તથા ઓછી મૂડી OTની જરૂરિયાત રહેશે. જ્યારે વસ્તુ Yની એક એકમ ઉત્પાદિત કરવા માટે સમાનતા વક્ર YYને બિંદુ G પર ઓછો શ્રમ OHની સાથે અધિક મૂડી Ok જોઈશે. કારણ કે દેશ B શ્રમપ્રધાન દેશ છે. એટલા માટે તે શ્રમપ્રચૂર વસ્તુ Xનું ઉત્પાદન કરશે. અને તેને દેશ Aની મૂડી પ્રચુર વસ્તુ Y સાથે વિનિમય કરશે.

ઉપરના વિશ્લેષણથી સાબિત થાય છે કે મૂડીપ્રધાન દેશ સાપેક્ષ રીતે સસ્તી મૂડીપ્રધાન વસ્તુઓની નિકાસ કરશે અને શ્રમપ્રધાન દેશ સાપેક્ષ રીતે સસ્તી શ્રમપ્રધાન વસ્તુઓની નિકાસ કરશે.


2. સાધન વિપુલતા જથ્થાની રીતે :-

હેક્સર-ઓહલીન સિદ્ધાંતની વ્યાખ્યા ભૌતિક જથ્થાની રીતે સાધન વિપુલતાના આધારે પણ કરવામાં આવી છે. ધારો કે બે દેશ છે - અમેરિકા અને ભારત. ધારો કે ભૌતિક રીતે અમેરિકામાં મૂડીની અને ભારતમાં શ્રમની વિપુલતા છે. સૂત્રના સ્વરૂપમાં જોઈએ તો.

$$\frac{\text{મૂડીનો જથ્થો (અ)}}{\text{શ્રમનો જથ્થો (અ)}} > \frac{\text{મૂડીનો જથ્થો (ભા)}}{\text{શ્રમનો જથ્થો (ભા)}}$$

અહી અ = અમેરિકા અને ભા = ભારત દેશ છે.

X અને Y બે વસ્તુ છે. Xશ્રમ પ્રચૂર વસ્તુ છે. અને Y મૂડીપ્રચૂર વસ્તુ છે. આ પરિસ્થિતિમાં અમેરિકા અને ભારતના ઉત્પાદન શક્યતા રેખાઓ નીચેની આકૃતિમાં દર્શાવ્યા મુજબ હશે.



સમજૂતી :

ભારતની ઉથ્પાદન શક્યતા રેખા $BB_1$ સૂચવે છે કે ભારત પોતાના બધાં જ સાધનો Xના ઉત્પાદનમાં રોકે તો અમેરિકા કરતાં વધારે ઉત્પાદન કરી શકે છે. જ્યારે અમેરિકાની ત્પાદન-શક્યતા રેખા ($AA_1$) એમ બતાવે છે કે અમેરિકા Y ના બધા જ સાધનો રોકે તો ભારત કરતાં વધુ ઉત્પાદન કરી શકે છે.


અહીં આપણે માંગનાં પરિબળને અપ્રસ્તુત ગણીએ છીએ. આથી માની લઈએ કે બંને દેશોમાં વસ્તુઓની માંગ સરખા પ્રમાણમાં થશે. આ હકીકત દર્શાવવા માટે ઉદ્‌ગમબિંદુ O માંથી શરૂ થતી $45^o$ ની રેખા મહત્ત્વની છે. $45^o$ની રેખા ભારતની ઉત્પાદન શક્યતા રેખા $BB_1$ ને C બિંદુએ અને અમેરિકાની ઉત્પાદન શક્યતા રેખા $AA_1$ ને D બિંદુએ કાપે છે. ભારત અને અમેરિકા જો અનુક્રમે C અને D બિંદુએ બે વસ્તુઓનું ઉત્પાદન કરતાં હોય તો જ બંને દેશોમાં બંને વસ્તુઓના ઉત્પાદનનો ગુણોત્તર સરખો થશે.

C અને D બિંદુએ બંને દેશોમાં X અને Y વસ્તુઓનું સાપેક્ષ મૂલ્ય કેટલું છે, એ પણ કહી શકાય. ભારતની ઉત્પાદન શક્યતા રેખાને C બિંદુએ સ્પર્શતી $EE_1$ રેખા નો ઢાળ ભારતમાં Xનું મૂલ્ય (Y ના સંદર્ભમાં) દર્શાવે છે, જ્યારે અમેરિકાની ઉત્પાદન શક્યતા રેખાને D બિંદુએ સ્પર્શતી $FF_1$ કરતા $FF_1$ નો ઢાળ વધુ છે. એનો અર્થ એ થયો કે ભારત કરતાં અમેરિકામાં Xનું મૂલ્ય વધુ છે. ભારતમાં X વસ્તુ મોંઘી અને Y વસ્તુ સસ્તી છે. પરિણામે વેપાર શક્ય અને લાભદાયી બનશે. ભારત X વસ્તુની નિકાસ કરશે અને અમેરિકા Y વસ્તુની નિકાસ કરશે. આમ શ્રમસંપન્ન દેશ શ્રમપ્રચૂર અને મૂડી સંપન્ન દેશ મૂડીપ્રચૂર વસ્તુમાં વિશેષીકરણ અપનાવે છે.

માંગના સંજોગોની દૃષ્ટિએ સમજૂતી :

હવે માંગના સંજોગોની વેપારની તરેહ પર પડતી અસરો તપાસીએ.

આકૃતિ :




આકૃતિમાં ભારતની ઉત્પાદન શક્યતા રેખા $BB_1$ અને અમેરિકાની ઉત્પાદન શક્યતા રેખા $AA_1$ છે. ભારત શ્રમસંખ્યા અને અમેરિકા મૂડીસપન્ન દેશ છે. X વસ્તુ શ્રમપ્રચૂર છે. અને Y વસ્તુ મૂડીપ્રચૂર છે.

વેપાર અગાઉ ભારતમાં C બિંદુએ પ્રાપ્ત થતા X અને Y વસ્તુઓના સંયોજનની માંગ છે. જ્યારે અમેરિકામાં D બિંદુએ પ્રાપ્ત થતા સંયોજનની માંગ છે. એનો અર્થ એ થયો કે ભારતમાં

મૂડી કરતાં શ્રમ વધુ છે, તો મૂડીપ્રચૂર વસ્તુઓની સરખામણીમાં શ્રમપ્રચૂર વસ્તુઓની આંતરિક માંગ પણ વધુ છે. એવી જ રીતે અમેરિકામાં શ્રમ કરતાં મૂડીનો પુરવઠો વધુ છે. તો શ્રમપ્રચૂર વસ્તુઓની આંતરિક માંગ પણ વધુ છે. તો શ્રમપ્રચૂર કરતાં મૂડીપ્રચૂર વસ્તુઓની આંતરિક માંગ પણ વધુ છે. આથી બંને દેશોમાં બંને વસ્તુઓની કિંમતનો ગુણોત્તર સરખો છે. બંને દેશો માટે PP રેખા સમાન રાખી છે. PPનો ઢાળ C અને D બંને બિંદુઓ સરખા છે. અર્થાત્ Yના સંદર્ભમાં Xનું મૂલ્ય બંને દેશોમાં સરખું છે.

❖ પ્રશિષ્ટ સિદ્ધાંતની તુલનામાં હેકસ-ઓહલીનના સિદ્ધાંતની શ્રેષ્ઠતા :

1. આંતરરાષ્ટ્રીય વેપાર એક વિશિષ્ટ સ્થિતિ :

   ક્લાસિક (પ્રશિષ્ટ) સિદ્ધાંતથી આ સિદ્ધાંત એટલા માટે શ્રેષ્ઠ છે કે આંતરરાષ્ટ્રીય વેપારને ઓહલીન આંતર પ્રાદેશિક અથવા આંતર સ્થાનિક વેપારની વિશેષ સ્થિતિ છે, જ્યારે ક્લાસિક સિદ્ધાંત આંતરરાષ્ટ્રીય વેપારને ઘરેલુ વેપારથી બિલકુલ ભિન્ન છે.

2. સામાન્ય સંતુલન સિદ્ધાંત :

   ઓહલીનના વિશ્લેષણ મૂલ્યના યથાર્થ સિદ્ધાંત પર આધારિત હતો. આથી આ સિદ્ધાંતને અવાસ્તવિક શ્રમ સિદ્ધાંતથી મુક્ત છે.

3. ઉત્પાદનનાં બે સાધનો :

   હેક્સ ઓહલીન સિદ્ધાંત ઉત્પાદનનાં બે સાધન શ્રમ અને મૂડી ગણે છે, જ્યારે ક્લાસિક સિદ્ધાંત ઉત્પાદનના એક સાધન શ્રમ પર આધારિત છે.

4. સાધન પુરવઠામાં અંતર :

   રિકાર્ડોના સિદ્ધાંતથી હેક્સર ઓહલીન સિદ્ધાંત એટલા માટે પણ શ્રેષ્ઠ છે કે આંતરરાષ્ટ્રીય વેપારના માળખાને નિર્ધારિત કરવા માટે સાધનોના પુરવઠાના તફાવત પર આધાર રાખે છે. જ્યારે રિકાર્ડોનો સિદ્ધાંત તેના પર ધ્યાન આપતો નથી.

5. સાધનોની સાપેક્ષ કિંમત :

   હેક્સર-ઓહલીનનો સિદ્ધાંત વધારે વાસ્તવિક છે, કારણ કે તે સાધનોની સાપેક્ષ કિંમત પર આધારિત છે, જે આગળ વસ્તુઓની સાપેક્ષ કિંમતો પર અસર કરે છે, જ્યારે રિકાર્ડોનો સિદ્ધાંત ફક્ત વસ્તુઓની સાપેક્ષ કિંમત પર વિચાર કરે છે.

6. સાધનોની સાપેક્ષ ઉત્પાદકતા :

   ઓહલીનનો સિદ્ધાંત શ્રમ તથા મૂડીની સાપેક્ષ ઉત્પાદકતાના અંતરને આંતરરાષ્ટ્રીય વેપારનો આધાર માને છે. જ્યારે પ્રશિષ્ટ સિદ્ધાંત ફક્ત શ્રમની ઉત્પાદકતાને જ મહત્વ આપે છે.

7. સાધન સમ્પન્નતામાં અંતર :

   ઓહલીન મોડલનો એક ગુણ એ પણ છે કે તે વિવિધ દેશોની સાધન સંપન્નતા પર આધારિત છે. જ્યારે ક્લાસિક સિદ્ધાંતમાં એક સાધન શ્રમની ગુણવત્તાને જ ગણે છે. આ પ્રમાણે ઓહલીનનો સિદ્ધાંત શ્રેષ્ઠ છે કારણ કે આંતરરાષ્ટ્રીય મૂલ્ય નિર્માણ કરવામાં કેવળ સાધનોની ગુણવત્તા પર જ નહિં, પરંતુ તેના પ્રમાણ પર પણ ભાર આપે છે.

8. તુલનાત્મક ખર્ચમાં અંતરનું કારણ :

સેમ્યુલસન અનુસાર રિકાર્ડોનો સિદ્ધાંત તુલનાત્મક લાભના તફાવતના કારણોને સ્પષ્ટ રીતે સમજાવી શકાતો નથી. ઓહલીનના સિદ્ધાંતનો એ ફાયદો છે કે તે તેની સંતોષજનક વ્યાખ્યા આપે છે.

9. સકારાત્મક સિદ્ધાંત :

પ્રશિષ્ટ સિદ્ધાંત બે દેશો વચ્ચે વેપારથી પ્રાપ્ત થતા લાભને દર્શાવે છે. તે કલ્યાણના સિદ્ધાંત સાથે સંબંધિત છે. બીજી બાજુ ઓહલીન મોડલ વૈજ્ઞાનિક છે. અને વેપારના મૂળ કેન્દ્ર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પ્રકારે તે સકારાત્મક સિદ્ધાંત છે.

10. બે દેશોના ઉત્પાદન વિધેય :

આ સિદ્ધાંત સ્પષ્ટ રીતે બે દેશોના ઉત્પાદન વિધેયની માન્યતા પર આધારિત છે. બીજી બાજુ પ્રશિષ્ટ સિદ્ધાંત વેપાર કરતા દેશોના ઉત્પાદનની વિભિન્નતા પર આધારિત છે.

11. પૂર્ણ વિશિષ્ટીકરણ :

ઓહલીનનો સિદ્ધાંત વધુ વાસ્તવિક છે, કારણ કે તે એક દેશ એક વસ્તુના ઉત્પાદનમાં પૂર્ણ વિશિષ્ટીકરણ તરફ લઈ જાય છે. અને બીજા દેશને બીજી વસ્તુમાં જ્યારે બે દેશ એકબીજા સાથે વેપાર કરે છે. બીજી બાજુ ક્લાસિક (પ્રશિષ્ટ) સિદ્ધાંત બંને દેશોને પૂર્ણ વિશિષ્ટીકરણ સાથે લઈ જઈ શકે પણ અને નહીં પણ.

12. વેપારનું ભવિષ્ય :

લંકાસ્ટરના અનુસાર હેક્સર ઓહલીનનો સિદ્ધાંત ક્લાસિકલ સિદ્ધાંતથી શ્રેષ્ઠ છે. કારણ કે તે વેપારના ભવિષ્ય બાબતને દર્શાવે છે. ક્લાસિકલ સિદ્ધાંત બે દેશો વચ્ચે તુલનાત્મક ખર્ચમાં તફાવત, શ્રમની કુશળતામાં તફાવત બે દેશો વચ્ચે વેપારનું કારણ છે. ભવિષ્યમાં બંને દેશોમાં શ્રમસમાન કુશળતા પ્રાપ્ત કરે તો તેમના વચ્ચે વેપાર જ નહીં થાય. પરંતુ હેક્સર-ઓહલીનના સિદ્ધાંતમાં બંને દેશોમાં શ્રમ કુશળ થશે તો પણ વેપાર સમાપ્ત નહીં થાય કારણ કે તે સાધનોની સમન્વયતા પર આધારિત છે. અને તે સાધનોની કિંમતમાં તફાવતના કારણે જ આંતરરાષ્ટ્રીય વેપાર વિકસ્યો છે.

## 13.3 હેક્સર-ઓહલીન સિદ્ધાંતની આલોચના/મર્યાદા :

1. 2-2-2 મોડેલ :

ઓહલીને સરળ માન્યતા આધારે 2-2-2 મોડલ પ્રસ્તુત કર્યું છે. પરંતુ ઓહલીને સ્વયં ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ સિદ્ધાંત અને વસ્તુઓ, અનેક પ્રદેશો અને અનેક સાધનો સુધી વિસ્તારિત કરી શક્યા છે. તેને તેઓએ પોતાના પુસ્તકમાં ગાણિતિક પરિશિષ્ટમાં બતાવ્યું છે.

2. સ્થૈતિક સિદ્ધાંત :

ક્લાસિક સિદ્ધાંતની જેમ જ ઓહલીનનો સિદ્ધાંત પણ સ્થૈતિક છે. તેમાં સમયના એક બિંદુમાં અર્થવ્યવસ્થાની થોડી વિશેષતાઓના આધારે જ રજૂ કરવામાં આવ્યો છે.

3. સાધન સમરૂપ નહીં :

આ સિદ્ધાંત એમ માને છે કે બંને દેશોમાં સાધન સમરૂપ હોય છે. અને તેમને

સાધનસંપન્નતા ગુણોત્તરની ગણતરી કરવા માટે માપી શકાય છે. પરંતુ વાસ્તવમાં બંને દેશોમાં સાધન ગુણવત્તાની દૃષ્ટિએ એક સમાન નથી હોતા અને એક સાથે પણ વિવિધ પ્રકારના હોઈ શકે છે. જેમકે શ્રમકુશળ અને અકુશળ છે.

4. ઉત્પાદન ટેક્નિ એકરૂપ હોતી નથી :

ઓહલીન એમ માને છે કે બંને દેશોમાં ઉત્પાદન ટેક્નિક એક સમાન હોય છે. પરંતુ બંને દેશોમાં ઉત્પાદન ટેક્નિક અલગ-અલગ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે કાપડ શ્રમ સાધનનો વધુ ઉપયોગ કરીને બનાવી શકાય છે. જ્યાં મૂડીનો ઓછો ઉપયોગ થયેલ હોય છે. તો બીજી રીતે કાપડનું ઉત્પાદન ઓછા શ્રમ અને વધુ મૂડીનો ઉપયોગ કરીને પણ બનાવી શકાય છે.

5. રુચિ અને માંગનું માળખુ સમરૂપ નહીં :

આ સિદ્ધાંત એમ માને છે કે બંને દેશોમાં રુચિ અને માંગનું માળખુ એક સમાન હોય છે. આ માન્યતાના આધારે સિદ્ધાંત એમ કહેવા માંગે છે કે સમાન આવક ધરાવતા ગ્રૂપની માંગ બંને દેશોમાં એક સમાન હોય છે, જે અવાસ્તવિક છે. ઉપભોગયુક્ત વસ્તુઓમાં નવી શોધખોળ થવાને કારણે માંગના માળખામાં ફેરફાર વિકાસશીલ દેશોમાં પણ જોવા મળે છે. આ માન્યતાના આધારે એમ કહેવામાં આવે છે કે જે વસ્તુનીમાંગ વપરાશકર્તા અમેરિકામાં કરે છે, તે જ વસ્તુની માંગ વપરાશકર્તા જર્મનીમાં પણ કરે છે.

6. સ્થિર વળતરનો નિયમ જોવા મળતો નથી :

આ સિદ્ધાંત અનુસાર સ્થિર વળતરનો નિયમ લાગુ પડે છે, જે અવાસ્તવિક છે. કારણ કે દેશ જે સાધનમાં સંપન્નતા ધરાવે છે, તેનો ઉપયોગ કરીને વધુ ને વધુ ઉત્પાદન કરે છે. અને તેની નિકાસ કરે છે.જેના કારણે વધતા વળતરના નિયમ દ્વારા વળતર મળે છે, નહિ કે સ્થિર વળતરના નિયમ અનુસાર.

7. વાહનવ્યવહાર ખર્ચ વેપારને અસર કરે છે :

આ સિદ્ધાંતના વાહનવ્યવહાર ખર્ચ શૂન્ય ગણવામાં આવે છે. પરંતુ જો વાહનવ્યવહાર ખર્ચની ગણતરી કરવામાં આવે તો બંને દેશોની એક જ વસ્તુની કિંમતમાં અંતર વધતું જાય છે. જે તેના વેપારના સંબંધોને અસર કરશે.

8. સાધન કિંમત વસ્તુ કિંમતને નિર્ધારિત નથી કરતી :

પ્રો. વિજનહોલ્ડ ઓહલીનના આ મતની આલોચના કરે છે કે સાધન કિંમત વસ્તુ કિંમતનું નિર્ધારણ કરે છે. તેમનો મત છે કે વપરાશ કરનાર માટે વસ્તુની ઉપયોગિતા વસ્તુની કિંમત નક્કી કરે છે. અને કાચોમાલ તેમજ શ્રમની કિંમતો અંતિમ વસ્તુઓની કિંમતો નક્કી કરે છે. તેનો નિશ્ચિત મત છે કે સાચી પદ્ધતિ એ છે કે સાધન કિંમતને બદલે વસ્તુ કિંમતના આધારે વેપારમાં આગળ વધવામાં આવે.

9. પૂર્ણ રોજગારી અને પૂર્ણ હરિફાઈ અવાસ્તવિક ધારણા :

હેક્સર-ઓહલીનનો સિદ્ધાંત પૂર્ણ રોજગારી અને પૂર્ણ હરિફાઈની ધારણા પર આધારિત છે. પરંતુ વાસ્તવમાં કોઈ પણ દેશના અર્થતંત્રમાં ન તો પૂર્ણ રોજગારી જોવા મળે છે ન પૂર્ણ હરિફાઈ આદર્શ સ્થિતિ છે. આ બાબત વાસ્તવમાં જોવા મળતી નથી.

10. અસ્પષ્ટ અને સશરતો સિદ્ધાંત :

હેબલરના મત અનુસાર ઘણા બધા ઉત્પાદનનાં સાધનો સાથે જેમાંથી કેટલાંક સાધનો વિભિન્ન દેશોમાં ગુણાત્મક રીતે એક સમાન હોતાં નથી. તેમજ વિભિન્ન દેશોમાં અસમાન ઉત્પાદન વિધેય સાથે, વેપારના માળખા માટે કોઈ સ્પષ્ટ સામાન્યીકરણ પહેલાથી જ સંભવ નથી.

ઉપરોક્ત ચર્ચાના આધારે કહી શકાય કે હેક્સર-ઓહલીનનો સિદ્ધાંત ક્લાસિક સિદ્ધાંતની ઘણી બધી મર્યાદાઓ દૂર કરે છે. તે રિકાર્ડોના તુલનાત્મક ખર્ચનો સિદ્ધાંત તેમજ મિલનો પારસ્પરિક માંગના સિદ્ધાંતને પોતાનામાં સમાવી લે છે. તેમજ આ સિદ્ધાંત વેપાર કરતા દેશોના આર્થિક માળખાને વેપારના માળખા સાથે જોડે છે.

❖ તમારી પ્રગતિ ચકાસો (ક) :

1. હેક્સર-ઓહલીનના સિદ્ધાંતમાં સાધન વિપુલતા કિંમતની દૃષ્ટિએ સમજાવો (૬-૭ વાક્યમાં જવાબ આપો.)

2. હેક્સર-ઓહલીનના સિદ્ધાંતની શ્રેષ્ઠતા તુલનાત્મક રીતે ક્લાસિક સિદ્ધાંતની સરખામણી સાથે સમજાવો (૮-૧૦ વાક્યમાં જવાબ આપો)

3. હેક્સર-ઓહલીન સિદ્ધાંતની મર્યાદા સમજાવો (૮-૧૦ વાક્યમાં જવાબ આપો)

4. હેક્સર-ઓહલીન દ્વારા પ્રસ્તુત સિદ્ધાંત ક્યા નામે ઓળખાય છે. (૧-૨ વાક્યમાં જવાબ આપો)

5. સાધનપ્રમાણ તફાવતનો સિદ્ધાંત આપનાર બે અર્થશાસ્ત્રીના નામ લખો (૧-૨ વાક્યમાં જવાબ આપો)

6. ૨-૨-૨ મોડલ એટલે શું ? (૧-૨ વાક્યમાં જવાબ આપો)

7. તુલનાત્મક ખર્ચનો સિદ્ધાંત ક્યા અર્થશાસ્ત્રીએ આપ્યો છે? (૧-૨ વાક્યમાં જવાબ આપો)

❖ તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરો :

1. આંતરરાષ્ટ્રીય વેપાર ક્યા પરિબળની નીપજ છે?

(A) રાજકીય સંબંધો (B) આંતરરાષ્ટ્રીય સમજૂતી

(C) પ્રાદેશીક શ્રમવિભાજન (D) વિશ્વકુટુંબની ભાવના

2. આંતરરાષ્ટ્રીય વેપાર શા માટે ઉદ્ભવે છે?

(A) અસીમિત માનવ જરૂરિયાતો (B) સીમિત સાધનો

(C) વિશિષ્ટીકરણ (D) સાધન પ્રમાણ તફાવત

3. હેક્સર-ઓહલીન આપેલ સિદ્ધાંતમાં આંતરરાષ્ટ્રીય વેપારનું મુખ્ય કારણ ક્યું છે ?

(A) નિરપેક્ષ ખર્ચ તફાવત (B) સાપેક્ષ ખર્ચ તફાવત

(C) સરખો ખર્ચ તફાવત (D) સાધન પ્રમાણ તફાવત

4. નીચેની કઈ પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વેપાર અસ્તિત્વમાં આવશે નહીં ?

(A) નિરપેક્ષ ખર્ચ તફાવત (B) સાપેક્ષ ખર્ચ તફાવત

(C) સરખો ખર્ચ તફાવત (D) સાધન પ્રમાણ તફાવત

5. લિયોન્તિકનો સિદ્ધાંત વિશ્વવેપારના ક્યા સિદ્ધાંતને ખોટો ઠેરવવાનો પ્રયાસ કરે છે.

(A) એડમ સ્મિથનો સિદ્ધાંત (B) રિકાર્ડોનો સિદ્ધાંત

(C) હેક્સર-ઓહલીનનો સિદ્ધાંત (D) જે.એસ. મિલનો સિદ્ધાંત

## 13.4 મિલનો પારસ્પરિક માંગનો સિદ્ધાંત :

❖ પ્રસ્તાવના :

રિકાર્ડોએ તુલનાત્મક લાભનો સિદ્ધાંત આપેલો છે, પરંતુ તેમાં સ્પષ્ટ નથી કરવામાં આવ્યું કે પરસ્પર વિનિમય ક્યાં ગુણોત્તરમાં થશે. આ સમસ્યા પર જે. એસ.મિલ પોતાના સિદ્ધાંતમાં પારસ્પરિક માંગની વિસ્તારપૂર્વક ચર્ચા કરે છે. મિલે વેપારની સંમતુલિત શરતોના નિર્ધારણની વ્યાખ્યા કરવા માટે 'પારસ્પરિક માંગ' શબ્દનો ઉપયોગ કર્યો છે. આ શબ્દ કોઈ દેશની એક વસ્તુની માંગને અન્ય વસ્તુના એ પ્રમાણના રૂપમાં દર્શાવે છે. જે તે બદલામાં છોડવા તૈયાર હોય, પારસ્પરિક માંગ જ વેપારની શરતો નિર્ધારિત કરે છે. જો આગળ પ્રત્યેક દેશ સાથે તે નિર્ધારિત કરે છે. બે વસ્તુઓ વચ્ચે સંતુલન એ વિનિમયના ગુણોત્તર પર આધારિત હશે. જેના પર પ્રત્યેક દેશ દ્વારા બીજા દેશથી આયાત કરવામાં આવતી વસ્તુની માંગ એટલી જ હશે જે એકબીજાને ચૂકવણી કરવામાં પ્રાપ્ત થતી હશે.

મિલે પોતાના સિદ્ધાંતની રજૂઆત કરવા માટે અથવા તો વ્યાખ્યા કરવા માટે પહેલા રિકાર્ડોના તુલનાત્મક ખર્ચના સિદ્ધાંતને પુનઃ પ્રસ્તુત કર્યો છે. 'તેમણે એ માન્યતાને બદલે કે બે દેશોમાં પ્રત્યેક વસ્તુના ઉત્પાદનનું પ્રમાણ આપેલું છે, જેની શ્રમખર્ચ વિભિન્ન છે, એ માન્યતા રાખી છે કે પ્રત્યેક દેશમાં શ્રમનું પ્રમાણ આપેલું છે. પરંતુ તેના ઉત્પાદનનું પ્રમાણ અલગ-અલગ છે. આ પ્રકારે રિકાર્ડોના તુલનાત્મક શ્રમખર્ચની માન્યતાના મુકાબલે મિલએ તુલનાત્મક લાભના સ્વરૂપમાં પોતાના સિદ્ધાંતની સ્થાપના કરી છે.'

❖ ધારણાઓ :

1. બે દેશ માની લો ઈંગ્લેન્ડ અને જર્મની
2. બે વસ્તુઓ માની લો લિનન-કપડા
3. બંને વસ્તુઓનું ઉત્પાદન સ્થિર વળતરના નિયમ અનુસાર થાય છે.
4. વાહનવ્યવહાર ખર્ચ શૂન્ય છે.
5. બંને દેશોની જરૂરિયાત એક સમાન છે.
6. પૂર્ણ હરિફાઈ છે.
7. પૂર્ણ રોજગાર છે.
8. મુક્ત વેપાર છે.
9. બંને દેશમાં વેપાર સંબંધ વચ્ચે તુલનાત્મક ખર્ચનો નિયમ લાગુ પડે છે.

❖ સિદ્ધાંતની સમજૂતી :

ઉપરોક્ત માન્યતા/ ધારણાના આધારે મિલે ઉદાહરણની મદદથી પોતાનો સિદ્ધાંત સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

ધારો કે જર્મની એક વર્ષ દરમિયાન લિનન10 એકમો અથવા કપડાના 10 એકમોનું ઉત્પાદન કરે છે. અને ઈંગ્લેન્ડ એટલા જ શ્રમમાં તેમજ સમયમાં લિન ના 6 એકમો અથવા કપડાના 8 એકમોનું ઉત્પાદન કરે છે. મિલના મત અનુસાર એકમોના ઉત્પાદન સંબંધિત એવી

કલ્પના કરવામાં આવે કે ઈંગ્લેન્ડના હિતમાં એ હશે કે તે જર્મનીથી ની આયાત કરે અને જર્મનીના હિતમાં હશે કે તે ઈંગ્લેન્ડથી કપડાની આયાત કરે.''

ઉત્પાદિત વસ્તુઓનું પ્રમાણ (એકમમાં)

| દેશ | લિનન | કાપડ |
|---|---|---|
| જર્મની | 10 | 10 |
| ઈંગ્લેન્ડ | 06 | 08 |

એનું કારણ એ છે કે જર્મનીને કાપડ તથા લિનન બંનેના ઉત્પાદનમાં નિરપેક્ષ લાભ છે. જ્યારે ઈંગ્લેન્ડને કાપડના ઉત્પાદનમાં ન્યૂનતમ હાનિ છે. તેનાથી તેના ઘરેલું વિનિમય ગુણોત્તર આ આંતરરાષ્ટ્રીય વિનિમય ગુણોત્તરને સમજી શકાય છે. $\frac{5}{3} > \frac{5}{4}$ વધારે છે. $\left(\frac{5}{3} > \frac{5}{4}\right)$ આથી લિનનના ઉત્પાદનમાં જર્મનીને તુલનાત્મક લાભ વધારે થશે. આથી જર્મનીના હિતમાં એ હશે કે ઈંગ્લેન્ડને કાપડના બદલામાં સ્થિતિ લિન ના ઉત્પાદન $\frac{3}{5}$ (આવા $\frac{6}{10}$) અને કાપડના ઉત્પાદનમાં $\frac{4}{5}$ (અથવા $\frac{8}{10}$) છે. કારણ કે $\frac{3}{5}$ થી $\frac{4}{5}$ વધારે છે. $\left(\frac{4}{5} / \frac{3}{5}\right)$ છે. એટલા માટે ઈંગ્લેન્ડના હિતમાં છે કે તે જર્મનીને લિનેના બદલા કપડાની નિકાસ કરે.

મિલનો પારસ્પરિક માંગનો સિદ્ધાંત સંભવિત શરતો સાથે સંબંધ રાખે છે. જેનામાં બે દેશો વચ્ચે-બે વસ્તુઓ પર પરસ્પર વિનિમય થાય છે. વેપારની શરતોનો અર્થ થાય છે કે ''બે દેશો વચ્ચે વેપારની વસ્તુ વિનિમયની શરત અર્થાત્ એક દેશની આયાતના પ્રમાણની સાથે નિકાસનો આપેલો ગુણોત્તર''


ઉદાહરણ તરીકે ધારો કે બે એકમ શ્રમ-સમય બગાડવાથી જર્મનીમાં લિનનો 10 એકમો તથા કાપડના 10 એકમોનું ઉત્પાદન થાય છે ત્યારે ઈંગ્લેન્ડમાં શ્રમના તેટલા જ પ્રમાણથી લિનનના 6 એકમો અને કાપડના 8 એકમોનું ઉત્પાદન થાય છે. લિનન અને કાપડ વચ્ચે ઘરેલું (સ્થાનિક) વિનિમય ગુણોત્તર જર્મનીમાં 1:1 અને ઈંગ્લેન્ડમાં 1:1.33

આ પ્રમાણે વેપારની સંભવિત શરતોની મર્યાદા જર્મનીમાં 1:1 અને ઈંગ્લેન્ડમાં 1:1.33 છે. આ પ્રમાણે બંને દેશો વચ્ચે વેપારની શરતો લિનન કાપડ 1 અથવા 1.33 કાપડ થશે.

પરંતુ વાસ્તવિક ગુણોત્તર પારસ્પરિક માંગ પર આધાર રાખે છે. અર્થાત્ 'બીજા દેશની વસ્તુ માટે પ્રત્યેક દેશની માંગની શક્તિ તથા મૂલ્યસાપેક્ષતા પર આધાર રાખે છે.' જો ઈંગ્લેન્ડના કપડા માટે જર્મનીમાં માંગ વધારે તીવ્ર હશે તો વેપારની શરત 1:1 થી વધારે નજીક હશે. ઈંગ્લેન્ડના એક એકમ કાપડના બદલે જર્મનીના લિનની એક એકમ વિનિમય કરવા માટે તૈયાર થશે. વેપારની શરત જર્મની માટે પ્રતિકૂળ અને ઈંગ્લેન્ડ માટે અનુકૂળ થશે. પરિણામ એ આવશે કે વેપારની ઈંગ્લેન્ડ કરતાં જર્મનીને ઓછો લાભ થશે. બીજી બાજુ, જો ઈંગ્લેન્ડના કાપડ માટે જર્મનીની માંગ ઓછી તીવ્ર હશે તો વેપારની શરત 1:1.33 થી નજીક હશે. વેપારની શરત જર્મનીના પક્ષમાં અને ઈંગ્લેન્ડ માટે પ્રતિકૂળ થશે. કારણ કે જર્મની 1 લિનનના બદલે ઈંગ્લેન્ડથી 1.33 કાપડ સાથે વિનિમય થશે. પરિણામ સ્વરૂપ વેપારની ઈંગ્લેન્ડની સાપેક્ષતા જર્મનીને વધુ લાભ થશે. સંક્ષિપ્તમાં કહી શકાય કે.

1. વસ્તુ વિનિમય શરતોના સંભવતઃ સીમા ક્ષેત્ર વેપારની સંબંધિત ઘરેલું શરતોથી પ્રાપ્ત થશે તેને પ્રત્યેક થશે જેને પ્રત્યેક દેશમાં તુલનાત્મક કુશળતા નિર્ધારિત કરે છે.
2. આ સીમા ક્ષેત્રની અંદર વેપારની વાસ્તવિક શરત પ્રત્યેક દેશની વસ્તુ માટે બીજા દેશની માંગ પર આધાર રાખે છે.

**આકૃતિ :**




ધારો કે વિશ્વમાં બે દેશ A અને B છે. અને બે વસ્તુ X અને Y છે. ત્યારે પારસ્પરિક માંગના નિયમ અનુસાર વેપારની શરતો દેશ B ના (વસ્તુ X)ના માટે A દેશની માંગ તથા દેશ A ના ઉત્પાદન (વસ્તુ Y)ના માટે દેશ B ની માંગ ધ્વારા નિર્ધારિત થાય છે. બીજા શબ્દોમાં વેપારની શરત વિદેશી વસ્તુઓ માટેની ઘરેલુ માંગની તીવ્રતા અને ઘરેલુ વસ્તુ માટે વિદેશી માંગની તીવ્રતા નિર્ધારિત કરે છે. દરખાસ્ત રેખા પારસ્પરિક માંગની સાપેક્ષતા તેને દર્શાવે છે.

$$\text{પ્રતિપૂરક માંગની મૂલ્યસાપેક્ષતા} = \frac{\text{આયાતોમાં ટકાવારી ફેરફાર}}{\left(\dfrac{\text{નિકાસી કિંમતોમાં ટકાવારી ફેરફાર}}{\text{આયાતોની કિંમતોમાં ટકાવારી ફેરફાર}}\right)}$$

આકૃતિની સમજૂતી :

દેશ Aની દરખાસ્ત રેખા દેશ Bના ઉત્પાદન Y માટેની માંગની તીવ્રતા બતાવે છે. તથા દેશ Bની દરખાસ્ત રેખા Aના ઉત્પાદન X માટેની માંગની તીવ્રતા દર્શાવે છે. સંતુલિત વેપાર શરત એ બિંદુ પર નિર્ધારિત થાય છે, જ્યાં બંને દરખાસ્ત રેખા એકબીજાને E બિંદુ પર કાપે છે. ફક્ત તે જ માત્ર એક સંતુલિત બિંદુ છે. અને મૂળબિંદુથી દોરવામાં આવેલી રેખા OT સંતુલિત વેપાર શરત રેખા છે. જે E બિંદુ પરથી પસાર થાય છે.

જો આંતરરાષ્ટ્રીય વેપાર શરતની રેખા બંને દેશોની ઘરેલું વિનિમય ગુણોત્તર રેખાઓ $OA_1$અને $OB_1$ના મધ્ય A પર છે. તો આંતરરાષ્ટ્રીય વેપારથી બંને દેશોને લાભ થશે.

વેપારની શરત એક દેશના પક્ષ અને બીજા દેશના વિપક્ષમાં હોઈ શકે છે, તો એ બાબત પર આધાર રાખે છે. તો સંબંધિત દેશમાં માંગની મૂલ્યસાપેક્ષતા શું છે. તેનાથી વેપારથી

પ્રાપ્ત કુલ લાભમાંથી તે દેશનો હિસ્સો નક્કી થાય છે.

❖ જે.એસ.મિલના સિદ્ધાંતની આલોચના મર્યાદા :

1. મિલનો સિદ્ધાંત વસ્તુની ઘરેલુ માંગ પર ધ્યાન આપતો નથી :

જેકબ વાઈનર અનુસાર જ્યાં સુધી પ્રત્યેક દેશમાં ઘરેલુ માંગને પૂરી નહીં કરવામાં આવે ત્યાં સુધી વિદેશવેપાર નહીં થાય. ઘરેલુ માંગની પૂર્તિ પછી જ વિદેશ વેપાર થશે. તે બાબતમાં મિલે ઘરેલુ માંગની જ અવગણના કરી છે.

2. બે દેશ એક સમાન આકારના ન હોઈ શકે :

મિલનું વિશ્લેષણ ત્યારે જ સાચું ઠરે જ્યારે બંને દેશોના આકાર એકસમાન હોય અને વસ્તુઓનું વપરાશ મૂલ્ય પણ એક સમાન હોય. આ બંને ધારણાના અભાવમાં જો એક દેશ નાનો હોય અને બીજા દેશ મોટો હોય તો બંને સ્થિતિમાં નાના દેશને વધારે લાભ થશે.

3. પુરવઠા પક્ષની અવહેલના :

પ્રો. ગ્રેહમના મત અનુસાર પ્રો. મિલે ફક્ત માંગ પક્ષ પર જ વધારે ભાર આપ્યો છે. જ્યારે પુરવઠા પક્ષની અવહેલના કરી છે. ગ્રેહામના મત અનુસાર પુરવઠા પક્ષ તેમજ ઉત્પાદન ખર્ચ પણ તેટલો જ મહત્ત્વ ધરાવે છે. આ પ્રમાણે તેમણે પારસ્પરિક માંગનો નિયમ ફક્ત પ્રાચીનકલાના અવશેષો તથા પુરાતન ચિત્રનો વેપાર માટે ઉપયોગી હોવાનું કહીને પ્રહાર કર્યા છે.

4. બે દેશોમાં આવકના ઉતાર-ચઢાવ પર ધ્યાન આપવામાં આવ્યુ નથી :

આ સિદ્ધાંતમાં બંને દેશોમાં આવકના ઉતાર ચઢાવ પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી. આવકના ઉતાર ચઢાવના કારણે બંને દેશોની શરતો પર અસર પડે.

5. વાસ્તવિક તથા કાલ્પનિક :

આ સિદ્ધાંત વેપારની વસ્તુ વિનિમયની શરત તથા સાપેક્ષ કિંમત ગુણોત્તર પર આધારિત છે. આ પ્રમાણે આ સિદ્ધાંત સમસ્ત કિંમત અને મજૂરીની દૃઢતા, ફુગાવો તથા લેણદેણ તુલાની સમતુલાની બધી સમસ્યાઓની ઉપેક્ષા કરે છે. તેથી જ સિદ્ધાંત અવાસ્તવિક અને કાલ્પનિક કહેવામાં આવે તો આશ્ચર્ય નથી.

6. અવાસ્તવિક ધારણા :

આ સિદ્ધાંત અવાસ્તવિક ધારણાઓ પર આધારિત છે. જેમ કે બે દેશ, બેવસ્તુઓ, સ્થિરવળતરનો નિયમ વાહનવ્યવહાર ખર્ચનો અભાવ, પૂર્ણ રોજગાર, પૂર્ણ હરિફાઈ વગેરેની આ ધારણાઓ સિદ્ધાંતને અવાસ્તવિક બનાવી દે છે.

❖ તમારી પ્રગતિ ચકાસો (ખ) :

1. પારસ્પરિક માંગ એટલે શું ? ઉદાહરણ દ્વારા સમજાવો. (ત્રણ-ચાર વાક્યમાં જવાબ આપો.)

2. પારસ્પરિક માંગના સિદ્ધાંતમાં કઈ વેપારની શરતોનું નિર્ધારણ સમજાવવામાં આવ્યું છે ? (એક-બે વાક્યમાં જવાબ આપો)

3. દરખાસ્ત રેખા એટલે શું ? (ત્રણ-ચાર વાક્યમાં જવાબ આપો)

4. પારસ્પરિક માંગના સિદ્ધાંતની ત્રણ મર્યાદાઓ સમજાવો. (પાંચ-છ વાક્યમાં જવાબ આપો)

**(ખ) MCQ બહુવૈકલ્પિક પ્રશ્નો :**

1. ક્યું પરિબળ વેપારની શરતો ને અસર કરતું નથી.

   (A) આર્થિક વિકાસ (B) આયાત-જકાત

   (C) ચલણનું અવમૂલ્યન (D) રાજકીય નીતિઓ

2. પારસ્પરિક માંગનો સિદ્ધાંત ક્યા અર્થશાસ્ત્રીએ આપ્યો

   (A) રિકાર્ડો (B) એડમ સ્મિથ

   (C) જે.એસ.મિલ (D) માર્શલ

## 13.5 સારાંશ :

એડમ સ્મિથે આંતરરાષ્ટ્રીય વેપારના પ્રતિષ્ઠિત સિદ્ધાંતના નિર્માણની આધારશિલા રાખી. પરંતુ ડેવિડ રિકાર્ડોએ એડમ સ્મિથના સિદ્ધાંતને વધારે સ્પષ્ટ કર્યો તેનો વિસ્તાર કર્યો અને

તેને વૈજ્ઞાનિક સ્વરૂપમાં પ્રસ્તુત કયો. આંતરરાષ્ટ્રીય વેપારના પ્રતિષ્ઠિત સિદ્ધાંતને રિકાર્ડો દ્વારા આપેલ તુલનાત્મક લાભનો સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. તુલનાત્મક લાભના સિદ્ધાંતમાં માંગ પક્ષને સંમિલિત કરે છે. બાદમાં સ્ટુઅર્ટ મિલે પારસ્પરિક માંગનો સિદ્ધાંત આપ્યો. જે.એસ.મિલે તુલનાત્મક ખર્ચના સિદ્ધાંતમાં સંશોધન કર્યું છે. અને પારસ્પરિક માંગના સિદ્ધાંતમાં બતાવ્યું કે વાસ્તવિક વેપારની શરતોનું નિર્ધારણ કેવી રીતે અને ક્યા થાય છે. માર્શલ- દરખાસ્ત રેખા દ્વારા મિલના સિદ્ધાંતને આગળ વધાર્યો.

તેવી જ રીતે હેક્સર-ઓહલીન સિદ્ધાંત જેને આધુનિક સિદ્ધાંત પણ કહેવામાં આવે, તે પ્રસ્તાવિત સિદ્ધાંતની ઘણી બધી મર્યાદાને દૂર કરે છે. તેમણે 2-2-2 નું મોડલ આપ્યું છે. તેને સાધન પ્રમાણના સિદ્ધાંત તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમના સિદ્ધાંત અનુસાર જે દેશમાં ઉત્પાદનનું જે સાધન વિપુલ માંગમાં પ્રાપ્ય હોય તેનો ઉપયોગ કરીને ઉત્પાદન કરવું જોઈએ. અને નિકાસ કરીને લાભ પ્રાપ્ત કરવો જોઈએ. જે દેશમાં ઉત્પાદનનું જે સાધન મોટા પ્રમાણમાં પ્રાપ્ય હોય, તો તે સાધન સસ્તું હશે અને આથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરીને નફાનું પ્રમાણ વધારી શકાય છે.

## 13.6 ચાવીરૂપ શબ્દો :

❖ **પારસ્પરિક માંગ :**

પારસ્પરિક માંગનો અર્થ થાય છે કે બે વેપાર કરતા દેશોની પોતાના ઉત્પાદનમાં એક-બીજાના ઉત્પાદન માટે માંગની સાપેક્ષ શક્તિ તથા મૂલ્ય સાપેક્ષતા અર્થાત્ વિદેશી વસ્તુઓ માટે ઘરેલું માંગની તીવ્રતા અને ઘરેલુ વસ્તુ માટે વિદેશી માંગની તીવ્રતા.

❖ **દરખાસ્ત રેખા :**

કોઈ દેશ દ્વારા વસ્તુવિશેષની એ નિશ્ચિત પ્રમાણને બદલે બીજી વસ્તુની એક નિશ્ચિત પ્રમાણ દેવાની ઈચ્છાને વ્યક્ત કરે છે. અને બીજી બાજુ વિભિન્ન સંભવિત વેપાર શરતો અથવા વિનિમય ગુણોત્તર પર એક દેશના ઉત્પાદન માટેની માંગની ઈચ્છાને વ્યક્ત કરે છે.

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :


➢ H.H.G Mannur, International Economics, Vikas Publishing House Pvt Ltd, 2001

➢ Bo Souderton, Internatinal Economics, Macmillan, 1999

➢ Paul, Kurgan and Maurice Obstfeld, International Economics Theory and Policy, Dorling Kindersley India Pvt Ltd, 2009

➢ P.M. Mithani, International Economics, Himalaya Publishing House, Mumbai-2006

➢ M.L. Xigan, International Economics, Vrudha Publishing Delhi-2010

➢ Sudamasinh & M.C. Vasya, International Economics, Oxford hard I.B.H Publishing, New Delhi-2007

(ક) MCQ ના જવાબો

1. સી-પ્રાદેશિક શ્રમવિભાજન
2. સી-વિશિષ્ટીકરણ
3. ડી-સાધન પ્રમાણ તફાવત
4. સી-સરખો ખર્ચ તફાવત
5. સી-હેક્સર-ઓહલિનના સિદ્ધાંત

(ખ) MCQ

1. ડી-રાજકીય નીતિઓ
2. સી-જે.એસ.મિલ

*** *** ***